સ્તરના 250% કરતા ઓછી અથવા બરાબર હોય, તો તમે નિર્ધારિત દરોના ભાગ પર 100% ચેરિટી કેર રાઈટ ઓફ મેળવી શકો છો. જો તમારી આવક ફેડરલ ગરીબી સ્તરના 250% કરતા વધારે છે પરંતુ ફેડરલ ગરીબી સ્તરના 500% કરતા વધારે નથી, તો તમને ઘટતા સ્કેલ પર અથવા સાધન પરીક્ષણના આધારે છૂટનો દર પ્રાપ્ત થઈ શકે છે. જો તમારી પાસે કટોકટી અને તબીબી આવશ્યક સંભાળ માટે તબીબી દેવું હોય અને તે તમારી આવક કરતા વધારે હોય તો તમે રાહત માટે પાત્ર છો. જો તમારી પાસે તમારી ફેડરલ ગરીબી સ્તરની આવકની રકમથી 250% વધુની સંપત્તિ હોય તો તમે નાણાકીય સહાય માટે પાત્ર બની શકતા નથી. નાણાકીય સહાયતા માટે પાત્રતા ધરાવતા દર્દીઓ પાસેથી હૉસ્પિટલ માર્ક-અપમાંથી ખર્ચાઓ બાદ કરવાથી અથવા વીમા કવરેજવાળા દર્દીને સામાન્યતઃ બિલમાં લગાવવામાં આવતી રકમ, જે ઓછી હોય, તેનાથી વધુ રકમ લેવામાં આવશે નહીં.

**લેખિત અંદાજ.**

હૉસ્પિટલની બિન આપાતકાલિન સેવાઓ, પ્રક્રિયાઓ અને હૉસ્પિટલ દ્વારા વ્યાવસાયિક સેવાઓ પૂરી પાડવા માટે અપેક્ષિત યોગ્ય એવી સપ્લાયો માટેના કુલ ખર્ચનો એક લેખિત અંદાજ આપવાની વિનંતી કરવાનો અને પ્રાપ્ત કરવાનો દર્દીઓને અધિકાર રહેશે.

**કઈ સેવાઓ આવરી લેવામાં આવી છે?**

નાણાકીય સહાય નીતિ કટોકટી અને અન્ય તબીબી રીતે જરૂરી કાળજીને લાગુ પડે છે. ડૉક્ટરના ખર્ચને હૉસ્પિટલના બિલમાં સમાવિષ્ટ કરવામાં આવતો નથી અને તેનું બિલ અલગથી આપવામાં આવશે. આ શબ્દો નાણાકીય સહાય નીતિમાં વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે. અન્ય તમામ સંભાળ આર્થિક સહાય નીતિ દ્વારા આવરી લેવામાં આવતી નથી.

**હું કેવી રીતે અરજી કરી શકું?**

નાણાકીય સહાય માટે અરજી કરવા માટે, તમે સામાન્ય રીતે લેખિત અરજી કરી કરશો અને સહાયક દસ્તાવેજો આપશો કે જે નાણાકીય સહાય નીતિ અને નાણાકીય સહાય નીતિ એપ્લિકેશનમાં દર્શાવેલ છે. એપ્લિકેશન માટે, કૃપા કરીને 667-234-2140 પર સંપર્ક કરો.

**હું અરજી બાબતે કેવી રીતે મદદ મેળવી શકું?**

નાણાકીય સહાયતા પોલિસીની અરજી સંબંધી મદદ માટે, તમે 667-234-2140 પર પેશન્ટ ફાઇનાન્શિયલ સર્વિસીઝનો, 1-855-642-8572 પર Maryland મેડિકલ આસિસ્ટન્સનો અથવા ઇન્ટરનેટ પર www.dhr.state.md.usને અથવા ફોન દ્વારા 1-800-332-6347; TTY: 1-800-925-4434.

**હું વધુ માહિતી કેવી રીતે મેળવી શકું?**

નાણાકીય સહાય નીતિ અને નાણાકીય સહાય નીતિ એપ્લિકેશનના ફોર્મની નકલો https://healthcare.ascension.org/Locations/Maryland/MDBAL/Baltimore-Saint-Agnes-Hospital અને 900 S. Caton Avenue, Baltimore, MD 21229 પર ઉપલબ્ધ છે, દર્દી નાણાકીય સેવાઓ વિભાગ. નાણાકીય સહાય નીતિ અને નાણાકીય સહાય એપ્લિકેશનની મફત નકલો દર્દીના નાણાકીય સેવાઓ વિભાગ સાથે 667-234-2140 પર સંપર્ક કરીને મેલ દ્વારા પણ મેળવી શકાય છે.

**જો હું પાત્ર નથી તો શું?**

તમે નાણાંકીય સહાય નીતિ હેઠળ નાણાકીય સહાયને પાત્ર ન હો તો, તમે અન્ય પ્રકારની સહાય માટે પાત્રતા ધરાવતા હોઈ શકો છે. વધુ માહિતી માટે, કૃપા કરીને દર્દી નાણાકીય સેવાઓ વિભાગ, 900 S. Caton Avenue, Baltimore, MD 21229 અથવા 667-234-2140 પર ફોન દ્વારા સંપર્ક કરો.

**ચુકવણીની યોજનાઓ**

તમારા તબીબી બીલો ચુકવવામાં તમને મદદરૂપ થવા Ascension Saint Agnes Hospital ચુકવણીની યોજનાઓ પૂરી પાડે છે. વધુ માહિતી માટે, કૃપા કરીને 667-234-2175 પર ગ્રાહક સેવા વિભાગનો સંપર્ક કરો.

**સ્વીકૃતિ**

મને Ascension Saint Agnesની નાણાકીય સહાયતા નીતિનો સારાંશ ઉપરની સાદી ભાષામાં પ્રાપ્ત થયો છે અને આ નીતિ હેઠળના મારા અધિકારોને હું સમજું છું.

કૃપા કરીને ટૂંકી સહી કરો: [સામાન્ય સંમતિ પત્રક પર ટૂંકી સહીઓ એકત્રિત કરવામાં આવશે.]

**નાણાકીય સહાય નીતિ, નાણાકીય સહાયતા માટેની અરજી અને સૂચનાઓ,અને આ સાદી ભાષામાં સારાંશનું ભાષાંતર અમારી વેબસાઇટ પર અને માંગણી કરવા પર નીચેની ભાષાઓમાં ઉપલબ્ધ છે:**

**અરબી**
**બર્મીઝ**
**ચાઇનીઝ (સરળ)**
**ચાઇનીઝ (પરંપરાગત)**
**અંગ્રેજી**
**ફ્રેંચ**
**ગુજરાતી**
**ઇટેલિયન**
**કોરિયન**
**રશિયન**
**સ્પેનિશ**
**ટેગાલોગ**
**ઉર્દુ**
**વિયેતનામિસ**